PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૨/કવા–૦૧/૧૭–૧૮/ 3८9४ તા. 05/04/19

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ધીરજલાલ મોહનભાઈ ગુણા,
ગામ : ભેસાણ,
તા.ભેસાણ
જી. જુનાગઢ

**વિષય :–વીજપોલ ખસેડવા માટે**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૦૬–૦૪–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૧૨/કવા–૦૧/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 3.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી,ભેસાણ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 04 [e]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૧૨/ક્વા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૦૫–૦૫–૧૭ | સ્થળ : જુનાગઢ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: ધીરજલાલ મોહનભાઈ ગુજ્રા, ગામ: જુનાગઢ**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી ધીરજલાલ મોહનભાઈ ગુજ્રા હાજર રહેલ હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી,ભેસાણ (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ)**

**રજુઆત કરનાર :એલ.કે.પરમાર (કાર્યપાલક ઈજનેર શ્રી ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ)**

---

**: હુકમ :**

---

**ફરીયાદ : વીજપોલ ખસેડવા માટે**

---

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજું થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ગામ: ભેસાણ ખાતે આવેલ, રહેણાંક ના ઘર ની ખડકી ( માત્ર સાંકળો દરવાજો) જે શેરી મા પડે છે. તે ખડકી ની બીલકુલ વચ્ચે જ, શેરી ની, ખડકી ની બાજુમા જ નીકળતી ભુગર્ભ લાઈન તોડીને, ખાડો કરીને, બીલકુલ ખડકીની વચ્ચે જ – ખડકી થી માત્ર ૦૨ ફુટ ના દુર ના અંતરે જ, ઘર માથી શેરી મા જવા માટે ના અવર – જવર ને સદંતર નડતરરૂપ થાય, તે મુજબ નો વીજથાંભલો, જે ભુગર્ભ ગટર મેઈન લાંઈન તોડીને, ઉભો કરવાની કામગીરી હાથ ઘરાયેલ હતી, તે પહેલા જ, તેઓ શ્રી એ પીજીવીસીએલ ની સબંધક કચેરી મા તા.૧૪–૦૨–૧૭ ના રોજ લેખીત ફરીયાદ અરજી આપેલ હતી. પરંતુ, કચેરી તરફથી તેઓ શ્રી ની ફરીયાદ પરત્વે, કોઈ કાર્યવાહી હાથ ઘરાયેલ ન હતી. અને આ થાંભલો તેઓને બીલકુલ નડતરરૂપ થાય, તે મુજબ ઉભો કરાયેલ છે. પીજીવીસીએલ ની આ કામગીરી થી ભૂગર્ભ ગટર ને પારાવાર નુકશાન થયેલ છે, અને તેઓના દરવાજા (ખડકી) ની વચ્ચે જ હોય, અવર–જવર મા નડતરરૂપ થાય છે. પીજીવીસીએલ ની આવી બેદરકારી યુકત કામગીરી થી અસંતોષ રહેતા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ની મુદદા નં.૧.૧ મુજબ ની વિગતે ના, તેઓ શ્રી ના ગામ: ભેસાણ ખાતે આવેલ, તેઓ શ્રી ના રહેણાંક ના ઘર ની ખડકી ( દરવાજો) જે શેરી મા પડે છે, તે શેરી મા હૈયાત એવી એલ.ટી. વીજલાઈન, જે અગાઉ ફરીયાદી અરજદાર શ્રી ના પડોશી એવા શ્રી જીજ્ઞેશભાઈ અશોકભાઈ માલવીયા ની ઉપર એક એંગલ મારી અને તે એંગલ પર એલ.ટી. વીજલાઈન ના વીજતાર ખેચાયેલ હતા. ત્યારબાદ, શ્રી જીજ્ઞેશભાઈ અશોકભાઈ માલવીયા એ, તેઓ શ્રી ના મકાન ને રીનોવેશન કરતા, સદર એંગલ વાળા વીજતાર ને ખસેડવાની કામગીરી, જે સદર શેરી મા જ, કોઈ ના દરવાજા (ખડકી) ને નડતરરૂપ ન હોય તેવી જગ્યા પર, એક વધારાનો વીજ થાંભલો ઉભો કરી, અને સદર વીજતાર તે વીજ થાંભલા ના એંગલ પર લગાડવાની કામગીરી સંપન્ન થયેલ હતી. ફરીયાદી અરજદાર શ્રી એ સદર ઉભા કરાયેલ નવા વીજ થાંભલા ને, તેઓ શ્રી ના ઘર ના દરવાજા (ખડકી) સામે જ ઉભો કરાયેલ હોય, અને અવર – જવર મા નડતરરૂપ હોવા બાબતે ની સવાલવાળી ફરીયાદ અરજી કરેલ છે. |

| | |
|---|---|
| **૨.૨** | ફરીયાદી અરજદાર શ્રી ની મુદદા નં.ર.૧ મુજબ ની વિગતે ની, નવા ઉભા કરાયેલ વીજ થાંભલો, જે નડતરરૂપ હોવા બાબતે ની ફરીયાદ ના અનુસંધાને, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી ભેસાણ ના નાયબ ઈજનેર શ્રી તરફથી તા.૧૪–૦૨–૧૭ ના રોજ, સવાલવાળા સ્થળ ની રૂબરૂ મુલાકાત લેવાયેલ હતી. અને નવા ઉભા કરાયેલ એવા વીજ થાંભલા ની જગ્યા ની ખરાઈ પણ કરાયેલ હતી. આ ખરાઈ અને સ્પષ્ટતાઓ, જે સબંધક નાયબ ઈજનેર શ્રી દ્રારા, સદર શેરી, તેમજ ઉભા કરાયેલ એવા વીજ થાંભલા, અનેફરીયાદી અરજદાર શ્રી ના ઘર ના દરવાજા (ખડકી), એમ તમામ બાબતો ને આવરી લઈ અને જુદા–જુદા ઍંગલ થી, કુલ ૦૪ કલર ફોટોગ્રાફ, જે સ્પષ્ટતાજનક ચીત્ર સાથે લેવાયેલ હતા. જે મુજબ, મળેલ એવી સ્થળ ચકાસણી અને કરવામા ફોટોગ્રાફ સ્પષ્ટતા મુજબ, '' ઉભા કરાયેલ એવો સવાલવાળો વીજ થાંભલો, જે ફરીયાદી અરજદાર શ્રી ની શેરી મા જ ઉભો કરાયેલ છે, પરંતુ, ફરીયાદી અરજદાર શ્રી ના દરવાજા (ખડકી) અને રહેણાંક ના મકાન થી ઘણોજ દુર ઉભો કરાયેલ છે, જેથી સદર વીજ થાંભલો ફરીયાદી અરજદાર શ્રી ના ઘરના દરવાજા (ખડકી) ને બીલકુલ નડતરરૂપ નથી, તે બાબત સ્પષ્ટ થયેલ છે. '' તદ ઉપરાંત, સદર સાંકળી શેરી ની આજુબાજુ, રહેણાંક ના મકાનો છે. કોઈ પણ પ્રકાર ની ખુલ્લી જમીન નથી. અન્ય જગ્યા પર ઉભુ કરવાની કોઈ તાંત્રીક શકયતાઓ ન જણાતા, સદર વીજ થાંભલો શેરી મા જ ઉભો કરાયેલ છે. તદ ઉપરાંત, સદર ઉભો કરાયેલ વીજ થાંભલો, જે ભુગર્ભ ગટર તોડીને, તેમજ કોઈને પણ નડતરરૂપ થાય તે મુજબ, ઉભો કરાયેલ નથી. તે બાબત, સ્વયં સ્પષ્ટતા થયેલ છે. આ મુજબ, ફરીયાદી અરજદાર શ્રી ની સદર ફરીયાદ મા કોઈ વજુદ જણાયેલ નથી. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.ર હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ની, સવાલવાળી મુદદા નં.૧.૧ મુજબ ની વિગતે ની, ફરીયાદ અરજી મા જણાવ્યા મુજબ નો, સવાલવાળો વીજ થાંભલો , જે પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં.૨.૧ અને ૨.૨ મુજબ ની વિગતે, સદર સ્થળ ની રૂબરૂ ચકાસણી દરમ્યાન, '' ઉભા કરાયેલ એવો સવાલવાળો વીજ થાંભલો, જે, નજીક મા ખુલ્લી જગ્યા ન હોય, જેથી તાંત્રીક રીતે અન્ય જગ્યા પર ઉભુ કરવાની કોઈ તાંત્રીક શકયતાઓ ન હોવાના કારણોસર, પીજીવીસીએલ તરફથી, સદર થાંભલો, જે ફરીયાદી અરજદાર શ્રી ની શેરી મા જ ઉભો કરાયેલ છે. પરંતુ, ઉભા કરાયેલ એવો સવાલવાળો વીજ થાંભલો, જે ફરીયાદી અરજદાર શ્રી ના દરવાજા (ખડકી) અને રહેણાંક ના મકાન થી ઘણોજ દુર ઉભો કરાયેલ છે. તેમજ, સદર વીજ થાંભલો ફરીયાદી અરજદાર શ્રી ના ઘરના દરવાજા (ખડકી) ને બીલકુલ નડતરરૂપ નથી. તદ ઉપરાંત, સદર ઉભો કરાયેલ વીજ થાંભલો, જે ભુગર્ભ ગટર તોડીને, તેમજ કોઈને પણ નડતરરૂપ થાય તે મુજબ ઉભો કરાયેલ નથી. આમ, સદર વીજ થાંભલો ફરીયાદી અરજદાર શ્રી ના ઘરના દરવાજા (ખડકી) ને બીલકુલ નડતરરૂપ ન હોવાની બાબત, જે પીજીવીસીએલ પક્ષકારે સ્પષ્ટ કરેલ છે. |
| **૩.૨** | તેમ છતા, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, સ્થળ પર હાજર રહી કરાયેલ સ્થળ ચકાસણી અને લેવાયેલ ફોટોગ્રાફ, જે ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ છે, તે ફોટોગ્રાફ ની ચકાસણી કરવામા આવતા, એ સ્પષ્ટ થયેલ છે કે, સદર વીજ થાંભલો, જે રહેણાંક ના મકાન ની દીવાલને બીલકુલ અડકીને જ ઉભો કરાયેલ છે. તે મુજબ સદર વીજ થાંભલા પર ના એલ.ટી. વીજતાર / કેબલ, જે ખરેખર મકાન ની ઉપર થી જ પસાર થતા હોવાની બાબત પણ સ્પષ્ટ થાય છે. જેથી,સદર વીજતાર / કેબલ, જે સવાલવાળા થાંભલા પર, સલામતી ના અંતર સુધી રહે તે માટે પ્રોજેકશન બ્રેકેટ લગાડી અને તે ઉપર લગાડી, અને તે મુજબ મકાન પર થી પસાર થતા વીજતાર / કેબલ ને – ઘરના મકાન પર થી સલામતી ના અંતર સુધી દુર કરવા ની કામગીરી, જે અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ, તેમજ અરજદાર શ્રી ની લેખીત સંમતીજનક સહી હેઠળ, દિન–૧૦ મા, અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

મુદદા નં.–૪ :

## હુકમ

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ની સદર ફરીયાદ મા વર્ણવ્યા મુજબ ની, સવાલવાળા વીજ થાંભલા ની નડતરરૂપ બાબત ને કોઈ સમર્થન મળેલ નથી. તે મુજબ ની અરજદાર શ્રી ને જાણકારી આપવાનો, સદર કેઈસ મા ફોરમ હુકમ થયેલ છે. |
| ૪.૨ | તેમ છતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે, પીજીવીસીએલ તરફથી ઉભો કરાયેલ સદર વીજ થાંભલો, જે રહેણાંક ના મકાન ની દીવાલને બીલકુલ અડકીને જ ઉભો કરાયેલ હોવાની બાબત ને, સ્થળ પર લેવાયેલ ફોટોગ્રાફ પરથી સ્પષ્ટ થાય છે. તે મુજબ સદર વીજ થાંભલા પર ના એલ.ટી. વીજતાર / કેબલ, જે ખરેખર મકાન ની ઉપર થી જ પસાર થતા હોવાની બાબત પણ સ્વયં સ્પષ્ટ થયેલ છે. જેથી,સદર વીજતાર / કેબલ, જે સવાલવાળા થાંભલા પર, સલામતી ના અંતર સુધી રહે તે માટે, સદર વીજ થાંભલા પર પ્રોજેકશન બ્રેકેટ લગાડી અને તે ઉપર, વીજતાર / કેબલ લગાડી, અને તે મુજબ મકાન પર થી પસાર થતા વીજતાર / કેબલ ને – ઘરના મકાન પર થી સલામતી ના અંતર સુધી દુર કરવા ની કામગીરી, જે અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ, તેમજ અરજદાર શ્રી ની લેખીત સંમતીજનક સહી હેઠળ, દિન–૧૦ મા, અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી હુકમ થયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ત્રીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.